
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



અસ્મિતા દિપેશકુમાર તન્ના
(૧૯૫૩) ફોન : ૨૩૨ ૨૬૦૦૭



જગતસિંહ મુલચંદ રૂપારેલ
(૧૯૨૮) ફોન : ૨૩૨ ૨૭૯૮૨

# દેશભક્ત અને વૃક્ષપ્રેમી વનવાસી પૂર્વજ શહિદોના ખમીરને શ્રદ્ધાંજલિ

## ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાંથી વિરાટ સંખ્યામાં વનવાસી મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૩૦

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને રાજસ્થાનની પંચમહાલ જિલ્લાની આદિવાસી સરહદે વનવાસી શહિદોના રાષ્ટ્રીય તીર્થસમા માનગઢ હિલ ઉપર ૬૩મા ગુજરાત વનમહોત્સવનો પ્રારંભ માનગઢ ક્રાંતિના મહાનાયક શ્રી ગોવિંદ ગુરૂ સ્મૃતિવનના નિર્માણથી કરતા જાહેર કર્યું હતું કે, ૧૯૧૩માં બનેલી શહાદતની આદિવાસી બલિદાન ગાથાની ૨૦૧૩માં આદિવાસી શહિદીની માનગઢ ક્રાંતિની શતાબ્દી ઉજવાશે.

આઝાદી કાજે આદિવાસી શહાદતની આ ઐતિહાસિક સંગ્રામની ઘટનાની શતાબ્દી ઉજવવા માટેની આ સરકારની પ્રતિબદ્ધતાને રાજકારણની નજરે જોનારા આદિવાસી શહાદતનું અપમાન કરી રહ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

અરવલ્લી ગિરીમાળાની આ માનગઢ ટેકરીએ ૧૭મી નવેમ્બર, ૧૯૧૩ના દિવસે અંગ્રેજી સલ્તનતના જૂલ્મો-સિતમ સામે શ્રી ગોવિંદ ગુરૂના નેતૃત્વમાં ખેલાયેલા સશસ્ત્ર ક્રાંતિ સંગ્રામમાં ૧૫૦૭ જેટલા દેશભક્ત આદિવાસી શહિદ થયા હતા તેની શતાબ્દીના વર્ષના આરંભે આજે માનગઢ ક્રાંતિના મહાનાયકની સ્મૃતિ અને ભીલ આદિવાસી શહિદોની યાદને ચિરંજીવ બનાવવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૬૩મો ગુજરાત વનમહોત્સવ માનગઢ હિલ ઉપર ગોવિંદ ગુરૂ સ્મૃતિ વનના ભવ્ય નિર્માણ માટે વૃક્ષ વાવેતર કરીને કર્યો હતો.



આજે આ વનમહોત્સવ પ્રસંગે સમગ્ર માનગઢ પહાડી ક્ષેત્રમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના સરહદી આદિવાસી ગામોમાંથી હજારોની સંખ્યામાં વનવાસી પરિવારો ઉમટયા હતા. સર્વાંગી આદિવાસી કલ્યાણની વન બંધુ વિકાસ યોજના અન્વયે વિવિધ યોજનાઓના આદિવાસી લાભાર્થીઓને સહાયનું વિતરણ મુખ્ય મંત્રીશ્રીએ કર્યું હતું.

માનગઢ હિલ ઉપર વિરાટ વનવાસી મહોરામણનું અભિવાદન કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ હકીકતનું ગૌરવ કરતાં જણાવ્યું કે, પહેલીવાર વનવિસ્તારમાં વન મહોત્સવ યોજાઈ રહ્યો છે અને તેને સાંસ્કૃતિક વિરાસતની આસ્થા સાથે જોડવાની પહેલ કરી છે.

ગુજરાત સરકારે ૨૦૦૪થી સાંસ્કૃતિક વનોના નિર્માણથી વન મહોત્સવની સંકલ્પના ચીલાચાલુ વૃક્ષારોપણની પરંપરાથી બદલીને નવો આયામ હાથ ધરેલો છે. આના પરિણામે સમાજ માટે પ્રાકૃતિક સંસાધનોની કાયમી અસ્કયામતો ઉભી કરવા વન મહોત્સવનું માધ્યમ અપનાવ્યું છે. ગાંધીનગરમાં પૂનિત વન, અંબાજીમાં માંગલ્ય વન, જૈન તીર્થ તારંગાજીમાં તીર્થંકર વન, સોમનાથમાં હરિહર વન, શામળાજીમાં શ્યામલ વન, ચોટીલામાં ભક્તિવન, પાલીતાણામાં પાવક વન અને પાવાગઢમાં વિરાસત વન ઘટાટોપ વનરાજીથી લીલાછમ બન્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરૂની સ્મૃતિથી આદિવાસીઓની છાતી ગજગજ ફુલે છે પરંતુ કમનસીબે ઈતિહાસમાંથી તેમનું નામ ભૂંસી નાંખવામાં આવ્યું છે. ૧૯૧૩માં ગોવિંદ ગુરૂએ આદિવાસીઓમાં નિશસ્ત્ર સંપસભા અને ભગતપંથી જનચેતનાનો સામાજિક સુધારાનો જુવાળ ઉભો કરેલો અને તેનાથી ભારત માતાની આઝાદી કાજે અંગ્રેજોની ફોજ સામે ઝૂકવાને બદલે તોપ અને ગોળીઓની રમઝટથી સામી છાતીએ શહિદી વહોરી લીધી જલિયાવાલા બાગ કરતા ડબલ સંખ્યામાં ભીલ આદિવાસીઓએ બલિદાન આપેલા પણ આ ઐતિહાસિક શહિદીની દેશભક્તની શતાબ્દી આ સરકાર ૨૦૧૩માં ઉજવશે અને આદિવાસી શહિદોની ભારતભક્તિના ખમીર અને ખુમારીની દુનિયામાં પ્રતિષ્ઠા અપાવશે. એક સમય જરૂર આવશે જયારે ગોવિંદ ગુરૂ જેવા આઝાદીના ભારત ભક્તની સમાજ સુધારણાને આવનારી પેઢીઓ યાદ રાખે. શહાદત કયારેય એળે જઈ નહીં શકે એવો અમારો નિર્ધાર છે, એમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

## ભારતના ગગન નારંગને મુખ્યમંત્રીના અભિનંદન

ગાંધીનગર, તા. ૩૦

લંડન ઓલમ્પિકમાં એર રાઈફલ શુટીંગમાં ભારતના ગગન નારંગને કાંસ્યપદક જીતવા માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા છે.

## મગોડી ગામે બે પરિવાર બાખડી પડતા એક મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા નજીક મગોડી ગામે આજે બે ઠાકોર પરિવાર વચ્ચે નજીવી તકરારે મારામારીના દશ્યો સર્જાયા હતા. જેમાં એક મહિલાને ઈજાઓ થતા ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા સર્કલથી થોડા અંતરે આવેલ ઠાકોરવાસમાં રંજનબેન ભમરજી ઠાકોર તેમના પતિ ભમરજી પુનમજી ઠાકોર અને પરિવાર સાથે રહે છે. જયારે નજીકમાં તેમની જ જ્ઞાતિના રાજુજી બાબુજી ઠાકોર અને કૈલાસબેન ઠાકોર પણ રહે છે. પરંતુ ગત રાત્રિના સમયે આ બંને પરિવારો વચ્ચે નજીવી બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. બાદમાં મામલો બિચકતા પરિવારો વચ્ચે ખુલ્લા હાથની મારામારીના દશ્યો સર્જાયા હતા. જેમાં રંજનબેન ભમરજી ઠાકોરને ઈજાઓ થવા પામી હતી. આથી તેઓને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ચિલોડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કાન્તિભાઈ ડાહ્યાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

## મીના બજારમાં યોજાશે સુંદરકાંડના પાઠ : સ્વચ્છતા ઝુંબેશમાં નાના વેપારીઓને ડસ્ટબીન આપાશે

ગાંધીનગર, તા.૩૦

પ્રગતિ લારી પાથરણાં મંડળ મીનાબજાર જૂના સચિવાલય-ગાંધીનગરના ઉપ-પ્રમુખ તુલસીભાઈ માણી અને મંત્રી કનુભાઈ વાઢેરાના જણાવ્યા મુજબ તા. ૩૧ જુલાઈના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી મીનાબજારમાં આવેલા મેલડી માતાના મંદિર પાસે સુંદરકાંડના પાઠ યોજાશે. પાઠનું રસપાન સંજયભારતી ગોસ્વામી કરાવશે. સ્વચ્છતા ઝુંબેશના ભાગરૂપે બજારના નાના નાના વેપારીઓને કચરાના નિકાલ માટે લારી-ગલ્લા પાથરણા પાસે મૂકવા ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવનાર છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

## કુબેરનગરમાં કાઉન્ટી મેચ પર સટ્ટો રમાડતા ૩ ઝબ્બે

અમદાવાદ, તા.૩૦

શહેરના કુબેરનગર વિસ્તારમાં કાઉન્ટ્રી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા મુખ્ય સુત્રધાર સહિત ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે સરદારનગર સર્વેલન્સ સ્કવૉડના એએસઆઈ અશોકકુમાર નટવરલાલને બાતમી મળી હતી કે જુના જીવોર્ડ કુબેરનગર ખાતે કેટલાક શખ્સો ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા છે. બાતમીના આધારે સર્વેલન્સ સ્કવૉડની ટીમે જુના જીવોર્ડ ખાતેના એકા મકાનમાં દરોડો પાડ્યો હતો અને જુગાર રમતા જયેશ ઉર્ફે ફુલારીઓમલ રેઢાણી અને અન્ય બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે ઘટના સ્થળેથી ટીવી, મોબાઈલ અને રોકડા રૂા. ૧૧ હજાર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પૂછપરછમાં આ ત્રણેય શખ્સો કાઉન્ટ્રી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા હોવાનું જાણવા મળ્યું હતું. છેલ્લાં ઘણાં સમયથી આ શખ્સો મોબાઈલ ફોન દ્વારા ક્રિકેટ સટ્ટોરમાડતા હતા. સરદારનગર પોલીસે ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર શહેર વિસ્તારમાં નાગરિક સંરક્ષણના હેતુ માટે સર્વેની કામગીરી શરૂ થશે

ગાંધીનગર, તા. ૩૦

નાગરિક સંરક્ષણ વિભાગનું એક અંગ તરીકે ગાંધીનગર શહેર વિસ્તાર માટે નાગરિક સંરક્ષણ દળ/યુનિટ હાલમાં કાર્યરત છે. નાગરિક સંરક્ષણના દળે યુદ્ધના સમયે તેમજ કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડુ, અકસ્માત વગેરેમાં બચાવ અને રાહતની કામગીરી કરે છે.

આ તમામ કામગીરીનું ચોક્કસ આયોજન થઈ શકે, કામગીરી સમયબદ્ધ અને સરળતાથી પાર પાડી શકાય તેવા ઉમદા હેતુથી ગાંધીનગર શહેરમાં રહેતા તમામ કુટુંબોની માહિતી નિયત નમૂનામાં એકત્રીત કરવા/ સર્વેની કામગીરી નાગરિક સંરક્ષણ કચેરી, ગાંધીનગર દ્વારા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## ડૉ. પ્રશાંત મેરજાની ૫૧મી માસિક સ્મૃતિએ તેજસ્વી તારલાને શિલ્ડ અપાયા

ગાંધીનગર, તા. ૩૦


ગાંધીનગરની ઉભરાતી પ્રતિભા એવા ડૉ. પ્રશાંત મેરજાની ૫૧મી માસિક સ્મૃતિએ મોરબીની જાણીતી નાલંદા શૈક્ષણિક સંસ્થાના એસ.એસ.સી.માં પ્રથમ નંબરે આવેલા છાત્રોને ડૉ. પ્રશાંત મેરજા એવોર્ડથી નવાજીને શિલ્ડ આપવામાં આવ્યા હતા.

નાલંદા શૈક્ષણિક સંસ્થાના બોર્ડના તેજસ્વી તારલાઓને ડૉ. પ્રસાંત મેરજા એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અધિક કલેક્ટર દરજ્જાના અધિકારી સતીષ પટેલ તથા પૂર્વ જિલ્લા શિક્ષણા ધિકારી રાજકોટના બગડાના હસ્તે કુ. રિશ્તા કાનાણી અને મિલન વડાલીયાને ૯૫ ટકા બોર્ડમાં લાવવા બદલ ડૉ. પ્રશાંત મેરજા મેમોરિયલ શિલ્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

## અડાલજ નર્મદા કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો

જિલ્લાની અડાલજ નર્મદા કેનાલમાં આજે સવારે ફરજ પરના સિક્યુરિટી જવાનને એક આધેડનો પાણીમાં તરતો મૃતદેહ નજરે પડતા તેણે અડાલજ પોલીસને જાણ કરી હતી અને પોલીસે ઘટના સ્થળે દોડી આવી આધેડના મૃતદેહને બહાર લાવી તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૪૮૦૪



**આડી ચાવી**

૧. ઘણાને... યોગ હોય છે તેની વિધિ કરાવવી પડે છે (૪)
૩. સાવ થોડીક કિંમતે, રકમ...(૩)
૭. ફળોનો ગર્ભ (૨)
૮. બદલો લઈલે,... વાળી લેવું (૩)
૯. કંઈ પણ ખાધા વગર કરાતો ઉપવાસ (૪)
૧૧. મીણબત્તી, જયોત (૨)
૧૩. સ્વ, સ્વાભિમાન (૨)
૧૪. અગ્નિ (૨)
૧૫. કિનારો, તટ (૩)
૧૬. યુધિષ્ઠિરનું હથિયાર (૨)
૧૭. પહેલાંના રાજાઓ વેશપલટો કરી... જોવા નીકળતા (૫)
૧૯. રૂચિ-ઈચ્છા નીકળતા (૫)
૨૦. પીડા, તકલીફ (૩)

**ઊભી ચાવી**

૧. હલાવીને મેળવવું (૪)
૨. અંગ કસરતના દાવ બતાવતો ખેલ (૪)
૪. દિલ, ઉર (૩)
૫. નદી પાસે ખાડો ખોદીને પાણી કાઢે તે (૩)
૬. ઉપવાસ, ધરણાં (૪)
૧૦. અર્ધવિરામ, અલ્પવિરામ (૨)
૧૨. બંનેની માલિકીનું (૪)
૧૪. દોષની કબૂલાત કરવી અને પ્રાયશ્ચિત કરવું (૪)
૧૬. ઈન્ડિયા, ... મારે દેશ છે (૩)
૧૮. જતા રહ્યા (૨)

**શબ્દાવલી ૪૮૦૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) વ્યથિત (૩) ગરકાવ (૬) કલરવ (૭) નમાલા (૯) ધન (૧૦) લાદી (૧૧) રાબ (૧૨) જમા (૧૪) માલ (૧૫) યોગી (૧૮) અનાર (૧૯) જોમ (૨૧) રબ (૨૨) સોગન

**ઊભી ચાવી :-** (૧) વ્યસન (૨) તકવાદી (૩) ગરમાળો (૪) રવ (૫) વચનબધ્ધ (૮) માલામાલ (૯) ધરા (૧૨) જમાદાર (૧૩) સાયોનારા (૧૬) ગીર (૧૭) સંજોગ

## ભારતમાં પ્રથમ અમદાવાદમાં દર્દી એક્સટર્નલ લુપ રેકોર્ડર લગાડાયું!

૪૮ વર્ષના શ્રી મુખરજીએ હૃદયના ધબકારા અનિયમિત હોવાથી ફરિયાદ કરીત્યારે તેમને ખબર નહોતી કે ભવિષ્યમાં તેમનું હૃદય ઓચિંતું ધબકતું બંધ થઈ શકે છે. વ્યક્તિને કયારેક ઓચિંતા જ કયારેક ધબકારાની અનિયમિતતાની જાણકારી થાય છે અને સામાન્ય રીતે આવું બનતું હોય છે. આવી ફરિયાદ કરનારા લોકો હૃદય ધબકારા ચૂકી જતું હોવાનું કહે છે. આવી સ્થિતિમાં ધબકારા ખૂબ ઓછી ગતિ કે અતિશય ગતિથી થતાં મળે હૃદયના ધબકારાની અનિયમિતા વારંવાર ઉદ્ભવતાને કારણે હૃદય ઓચિંતું ધબકતું બંધ થઈ જવા (**Sudden Cardiac Arrest**) ની ઘટના બની શકે છે. આ દુનિયાનો એક મહત્ત્વનો ઘાતક રોગ છે!

હૃદય ઓચિંતુ ધબકતું બંધ થઈની સ્થિતિના નિદાન માટે ઈસીજી, ઈકોકોર્ડીયોગ્રામ, એમઆરઆઈ હાર્ટ સ્કેન્સ, કાર્ડિયાક કેથેટરાઈઝેશન જેવા ડાયોગ્લોસ્ટીક સ્ટીક ઉપલબ્ધ છે. આ યાદીમાં હવે એક્ટર્નલ લુપ રેકોર્ડરનો ઉમેરો થયો છે. ઈએલઆર હવે ભારતમાં ઉપલબ્ધ બન્યાં છે.

અમદાવાદના શ્રી મુખરજી ભારતમાં પ્રથમ સિમ્સ હોસ્પિટલના ઈન્ટરવેશનલ કાર્ડિયોલોજીસ્ટ અને ઈલેક્ટ્રોફિઝિયોજીસ્ટ ડૉ. અજય નાયક દ્વારા એક્સટર્નલ લુપ રેકોર્ડર લગાવાયુંછે. જુલાઈ ૨૦૧૧માં મુખરજીને હૃદયના ધબકારાની અનિયમિતતા બાબતે ફરિયાદ કરી ત્યારથી તેમને આ ઈએલઆર લગાડવામાં આવ્યુંછે. ઈએલઆર એ **Arrythmia** (એરીથીમીયા) ના નિદાનની એક અનોખી ટેકનોલોજી છે, જે ભારતમાં તાજેતરમાં ઉપલબ્ધ બની છે.


## વાઘબકરી ટી ગ્રુપની એકધારી ગુણવત્તાવાળી મિલી ચા હવે નવા પૅકમાં

વાઘબકરી ટી ગ્રુપની મિલી ચા હવે આકર્ષક નવા પેકમાં દરેક અગ્રગણ્ય સ્ટૉર્સમાં ઉપલબ્ધ છે. મિલી, એક માત્ર ચા બ્રાન્ડ છે, જે રૂા. ૧, રૂા. ૨, રૂા. ૫ અને રૂા. ૧૦ના પાઉચ તથા ૨૫૦ ગ્રામના પાઉચ, કાર્ટન અને આકર્ષક જારમાં તથા ૫૦૦ ગ્રામ અને ૧ કિલો તથા ૫ કિલો હોલસેલ પેકમાં ઉપલબ્ધ છે. મિલી ચાની બ્લેન્ક નિષ્ણાંત ટી ટેસ્ટર્સ દ્વારા તૈયાર કરાય છે. જે એકધારી ક્વૉલીટી, કડક સ્વાદ અને ખુશ્બુ સાથે હવે આકર્ષક નવા પૅકમાં ઉપલબ્ધ છે. મિલી ચાની સાથે વાઘબકરી ગ્રુપનો ૧૦૦ થી વધુ વર્ષોનો અનુભવ જોડાયેલ છે. જેથી ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી થાય છે.

કંપનીના સીનીયર જનરલ મેનેજર - સેલ્સ શ્રી સંજયભાઈ શાહના જણાવ્યા પ્રમાણે 'મિલી ચા' ગુજરાતના છેલ્લા ૧૫ વર્ષથી સતત એકધારી ક્વૉલીટી માટે જાણીતી છે અને ગ્રાહકોની પસંદગીની ચાની બ્રાન્ડ છે. મિલી ચા ના ૫ કિલોના પૅક જે વધુ ને વધુ કપ ચા આપે છે. તેમજ તેના કડક સ્વાદ માટે સંતુષ્ટ વિશાળ વેપારીવર્ગમાં ચાહના પામેલ છે, અને તેની ચાની યોગ્ય બ્લેન્ડને કારણે ગુજરાતના દરેક જીલ્લામાં છૂટક ચાની સામે એકધારી ચાની ક્વૉલીટીના સ્વીકૃત પૅક તરીકે સ્થાપિત થયેલ છે.

કંપનીના એક્ઝિકયુટીવ ડાયરેકટર શ્રી પરાગભાઈ દેસાઈના જણાવ્યા પ્રમાણે 'મિલી ચા' ના નવા પૅકને ડિઝાઈન કરતાં પહેલાં પ્રૉફેશનલ માર્કેટીંગ રીચર્સ કંપની દ્વારા સર્વે હાથ ધરાયો જેમાં ભારતમાં અલગ અલગ રાજયોમાંથી ગ્રાહકોની અપેક્ષા અને અનુભવોનાં અવલોકનમાં પછી મિલી ચાનું નવું પેક તૈયાર કરાયું છે. સતત વધતાં જતાં ચા ના ભાવ સામે સારી ગુણવત્તા અને વાજબી ભાવ સાથે મિલીને છેલ્લા દાયકાથી પણ વધારેથી પૉપ્યુલર સેગમેન્ટમાં ગ્રાહકોની અને દુકાનદારોની માનીતી બ્રાન્ડ છે.'


## આજ-કાલમાં રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડો.કમલાએ સુપરત કર્યા પછી હાઈકોર્ટ દ્વારા આજે આ અહેવાલના આધારે રાજયકક્ષાના મંત્રી સામે પગલાં લેવા રાજય સરકારને આદેશ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે રાજયમાં ટેન્ડર વિના તળાવોમાં માછીમારીના કોન્ટ્રાકટ આપી દેવામાં ૪૦૦ કરોડ રૂપિયાનું કથિત કૌભાંડ કરવામાં આવ્યું હોવાનો આરોપ મત્સ્યોદ્યોગ રાજયમંત્રી પુરુષોત્તમ સોલંકી ઉપર કરવામાં આવ્યા પછી સમગ્ર મામલો ગુજરાત હાઈકોર્ટમાં ગયો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે આ અંગેનો નિર્ણય ગુજરાતના રાજયપાલે કરવાનો છે.

## સમાચાર ઝલક

- ઇન્ફોસીટીમાં આ વર્ષે ૨૩ હજાર કર્મચારીઓ જોડાશે, આઇ.ટી.સેકટરમાં અનિશ્ચિતતા છે.
- મોબાઇલમાંની કોલર ટયુન તમારા મિજાજ દર્શાવે છે.
- રાની મુખરજી અને આદિત્ય ચોપડા સાથે લગ્ન કર્યાની ચર્ચા.
- અઢી લાખ ગ્રામ પંચાયતોનો બ્રોડબેન્ડ સાથે ટૂંકમાં જોડાશે.
- ભારતમાં ઘુસવા સીમા પર પાકિસ્તાની સુરંગ એક ખેડૂતને જોવા મળી ત્યારથી સમગ્ર તંત્ર કામે લાગ્યું.
- દશામા મૂર્તિ વિસર્જન વેળા ડૂબી જતાં ત્રણનાં મોત થયા.
- પી.આઇ.એ સાત લાખમાં સુરત બદલી કરાવી, પોલીસ બેડામાં ગર્ભિત ચકચાર.
- બ્રહ્મોસ મિસાઇલનું ફરી વખત સફળ પરિક્ષણ કરવામાં આવ્યું.
- ગાંધીનગરના જન્મદિને વનવિભાગ ૨૫ હજાર છોડનું વાવેતર કરશે.
- જાલોરના આહોર ખાતે જૈન ધર્મગુરૂઓને ધમકી આપતાં જૈન સમુદાયમાં રોષની લાગણી.
- ઓલિમ્પિકસના ઉદ્દ્ઘાટન સમારોહ પાછળ ૨૩૫ કરોડનો ખર્ચ.
- માનગઢ ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ, વનમહોત્સવની શાનદાર ઉજવણી.
- અનાજ-કઠોળ સહિત તેજીનો દાવાનળ, કૃત્રિમ - ઘરખમ ભાવ વધારો.
- ભારતમાં પ્રથમવાર અમદાવાદમાં દર્દીને એક્સટર્નલ લુપ રેકોર્ડર લગાડાયું.
- બી.એસ.એન.એલ.નો જન્માષ્ટમી ધમાકો, ૧૧૦ થી ૫૫૦ સુધીના પ્રિ-પ્રેઇડ વાઉચર પર ફુલ ટોકટાઇમ.
- ફિલ્મ અભિનેત્રી મનિષા કોઇરાલાએ લગ્નજીવનનો બે વર્ષમાં જ અંત લાવી લીધો.
- અકસ્માત સમયે ઇજાગ્રસ્તોને મદદ કરનારની હેરાનગતિ ન થવી જોઇએ : સુપ્રીમ કોર્ટ.
- સ્પેનમાં બેરોજગારી વધતાં ખાવાનાં પણ ફાંફાં.

## જી.યુ.વી.એન.એલ.ના કર્મચારીઓ ૪થીએ પોતાના પ્રાણ પ્રશ્નો રામવિલાસ પાસવાનને રજૂ કરશે

ગાંધીનગર, તા. ૩૦

ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રી સિટી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કર્મચારી કલ્યાણ સંઘના પ્રમુખ એચ.વી. શ્રીમાળી અને જનરલ સેક્રેટરી એ.કે. શ્રીમાળીએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે તા. ૪થી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રામ વિલાસ પાસવાનની અધ્યક્ષતામાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગત આવતા ગુજરાત ભરનાં અનુ. જાતિ., અનુ. જનજાતિનાં કર્મચારીઓનાં પ્રાણ પ્રશ્નોને રજૂ કરતી બેક યોજાશે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગત આવતા ગુજરાત ભરનાં અનુ.જાતિ/અનુ. જનજાતિના કર્મચારીઓનાં પ્રાણ પ્રશ્નો જેવા કે, ભરતી-બઢતી તથા વ્યક્તિગત જાતિગત અન્યાય અને શોષણ જેવા વિવિધ પ્રશ્નો બાબતે સરકારનું ધ્યાન દોરવા અને યોગ્ય નિરાકરણ લાવવાના આશયથી ગાંધીનગર ટાઉનહોલ ખાતે બેઠક યોજાશે. સમગ્ર ગુજરાતના જી.યુ.વી.એન.એલ. કર્મચારીઓને ઉપસ્થિત રહી તેમના પ્રશ્નોની ચર્ચા કરવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## શાકભાજી ઉગાડવાનો પ્રયોગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકભાજી ફળોના વેસ્ટવાળું ખાતર ભર્યું અને તેમાં શાકભાજી ઉગાડી છે.

ચારુલભાઈ કહે છે કે મારો આ પ્રયોગ સફળ થશે કે નહિ તેની જાણ નથી પરંતુ એકવાર તો હું આ પ્રયોગ કરી તેના પરિણામ જોવા અવશ્ય માંગું છું. હાલમાં ભીંડા, મરચાં, કારેલા અને દૂધીના રોપાં વાવ્યા છે. થોડાક દિવસોમાં વધુ શાકભાજી ઉગાડીશ. આ રોપાઓમાં જીવાત ન થાય તે મટે મરચાંની ભૂકી અને લસણના રસનું દ્રાવણ પણ બનાવ્યુ છે. હું કોઈ તબક્કે રાસાયણિક ખાતરોનો ઉપયોગ નહિ કરું. ગયા વર્ષે પણ મેં ઘરે કારેલાં ઉગાડયા હતા. આ વર્ષે નવી પધ્ધતિઓ અપનાવી ઓર્ગેનીક શાકભાજી ઉગાડી છે. સફળતા મળશે તો અન્યોને પણ ઘરે આ પ્રકારે શાકભાજી ઉગાડવા પ્રેરણા આપીશ....

## ભયગ્રસ્ત જાહેર કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ ત્યાંથી અન્ય કોઈ કેસ મળી નહિ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ આ મહિલા દર્દી અમદાવાદ શહેરની રહીશ છે અને અહિ એના દિકરાના ઘરે રોજી રોટી માટે આવી હતી. મહિલા દર્દીની તબિયત હાલ સારી હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્રએ કોલેરા પોઝીટીવ જણાતાં ગામને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે જિલ્લા કલેક્ટરશ્રીને દરખાસ્ત કરી દીધી છે અને આગામી એકાદ દિવસમાં આ અંગેનું જરૂરી જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે.

જિલ્લા તંત્ર આ ઘટના અંગે કંઈ પણ કહેવાનુ હાલ ટાળી રહેલ છે. જો કે બિનસત્તાવાર સૂત્રઓના જણાવ્યાનુસાર આ એક જ કેસ છે અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. ગત વર્ષે પણ આવા કેસો મળ્યા હતા અને તંત્ર દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

## કન્ટીજન્સી પ્લાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં વાવેતર થયુ છે અને આગામી દિવસોમાં તે વધે તેવા સંકેતો છે.

ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રોજગારી માટે ૩૦૯ કામોને તાત્કાલિક મંજૂરી આપી દેવામાં આવી છે જે અંતર્ગત ૪૪૦.૧૫ લાખ માનવદિન રોજગારીનું નિર્માણ થશે. આ ઉપરાંત ટોટલ સેનીટેશન પ્રોગ્રામ હેઠળ પણ રોજગારી ઉત્પન્ન કરવા માટેનું આયોજન કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આજે ઉચ્ચ અધિકારીઓની બોલાવાયેલી બેઠકમાં જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી અને કન્ટીજન્સી પ્લાન અંગેનો પોતાનો અહેવાલ આગામી બે દિવસમાં સરકારને તેઓ વિગતવાર મોકલી આપશે.

જિલ્લામાં રોજગારી નિર્માણ, પાણીની સ્થિતિ તેમજ પશુધન માટે ઘાસચારાની ઉપલબ્ધિ સહિતની વિગતો આ પ્લાનમાં સમાવી લેવામાં આવશે.